દશમી ગુજરાતી સાહિત્યપરિષદ્: નડીઆદ

સત્કારમંડળના અધ્યક્ષ

શ્રી અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ. ની

સ્વાગતગીતા

નડીઆદ, તા૦ ૧૯-૧૨-૩૧, શનિવાર.

મુદ્રકઃ નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, બી. એ.

ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસ, સાસુન બીલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબાઈ નં. ૧.

પ્રકાશકઃ અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

પ્રમુખ, નડીઆદ સ્વાગતમંડળ, નાગરવાડા, નડીઆદ.

ॐ

उतत्वः पश्यन्नददर्श वाचं उतत्वः शृण्वन्नशृणोत्येनाम् ।
उतोत्वस्मै तन्वं विसस्रे जायेवपत्य उशती सुवासाः ॥
देवीं वाचमजनयन्त देवास्तां विश्वरूपाः पशवो वदन्ति ।
सा नो मंद्रेषमूर्जं दुहाना धेनुर्वागस्मानुपसुष्टुतै तु ॥

(ऋ. सं. ६)

આભાર અને સત્કાર

મારાં સાહિત્યવિહારી અને સાહિત્યરસિક બ્હેનો તથા બંધુઓ !

મારા સુભાગ્યે, સાહિત્યકારોના ધામ લેખાતા, નડીઆદના સાહિત્યપ્રેમી બાંધવોએ મને પોતાનો પ્રતિનિધિ કરી, આ, જે બહુમાન દીધું છે, અને જે બહુધન્ય કૃત્ય સોંપ્યું છે તે હું આભાર સાથે તેમ જ પૂરી ગુણજ્ઞતાથી માથે ચઢાવું છું; અને અમો સઘળા તરફથી, આપ સહુ આજે અહીં એકઠાં થયલાં સજ્જન-સન્નારીઓને ઊંડા અંતરથી સ્વાગત દઉં છું. અમારાં સ્વાગત કદાચ સાધનમાં તેમ વિવિધતામાંયે આછેરાં, અછતરાં હશે, કહો કે છે, છતાં આપ સહુ અમારાં મોંઘેરાં મહેમાન અમારી આછપ-ઓછપ ન જોતાં દિલનાં ઊંડાણ અને ન્હોળપ પણ જોશો, એની મને ખાત્રી છે. અમે નડીઆદને આંગણે સ્વજન જેવાં આપ સહુ ભાવ-ભીનાં ભાંડરૂઓને બોલાવ્યાં છે; આપણા દિલની વાતો કરવા, મુશ્કેલ સંકુલ બાબતોનો શુદ્ધ ભાવભર્યો ઉકેલ કરવા નોતર્યાં છે; તેમ જ આપણી પરિષદ્દેવીની ગતિ-પ્રગતિને જે અટપટા અને ખટપટ-ખટખટભર્યા વ્યવસ્થાતંત્રરૂપી, બંધારણરૂપી અવરોધ રૂંધી રહ્યો છે, તે અવ-રોધને શાન્તિભરી સમાધાનીથી દૂર કરી, યશોજ્જ્વલ પંથે ચાલવા આમંત્ર્યાં છે. અમે સમજીએ છીએ કે કાંઈક અમારા વૈભવવાળા મહેમાનગીરીના ભપકા દેખાડવા વેવાઈઓને અહીં નોતર્યા નથી. એટલે સમયની તંગાશ તથા સાંપ્રત સમયની અનેક લોકપ્રવૃત્તિઓની રોકાણને લીધે જે કાંઈ આછપઓછપ રહી ગઈ હોય તે આપ સહુ ભાંડરૂઓ સહી લેશો, એવી મને ખાત્રી છે. અને એથી જ અમારો હૃદયભાર ઘણો જ હળવો થયો છે.

આપને સ્વાગત દેતાં મને કુદરતી રીતે આપણાં કેટલાંક ગુમ થયલાં સ્વજનો પહેલાં યાદ આવે છે. શ્રીકણ્ઠ ભવભૂતિ સાચું જ કહે છે કે સ્વજન સ્વજનોને મળે ત્યારે સૌથી પહેલાં પોતાનાં દર્દ–દુઃખભર્યાં હૈયાં ઠાલવવા ઉલટે છે. તેમ, છેલ્લી પરિષદમાં મળ્યા તે પછી, આપણે જે કેટલાંક જાણીતાં–અજાણીતાં સ્વજનો ગુમાવ્યાં છે તેમને નિવાપાંજલિ દેવા અને તેમના જવાથી આપણી સાહિત્યઆલમને, સાહિત્યપરિષદને જે ભારે ખોટ ગઇ છે, તેનું સ્મરણ કરવાનું મને મન થઇ આવે છે.

(૧)

આપણાં ખેદ અને હાનિ

આમારા તત્ત્વદર્શી, સાક્ષર, **શ્રીયુત મગનભાઈ ચતુરભાઈ પટેલ**, બી. એ. એલ એલ. બી., ને અહીં ન જોતાં મારૂં દિલ વલોવાય છે, અને જરૂર આપનું પણ દિલ વલોવાતું હશે એ હું સમજી શકું છું. સંસ્કૃત શૈલીનાં ઉંચી કોટિનાં તેમનાં નાટકો, ઉછળતી સ્વદેશભક્તિ–સાહિત્યભક્તિ પ્રભુભક્તિ–ભરી તેમની કવિતાઓ, ઉપનિષદ્–જ્યોતિઓનાં દર્શન અને અમૃતનાં પાન કરાવનારી તેમની ઉદાત્ત કૃતિઓ, દેશહિતના અનેક કૂટ ગંભીર સવાલો ઉપર વિમર્શનનાં વ્યાખ્યાનો–એ સહુએ એમના કીર્તિને અમર કરી છે. એમના જેવા વિચારશીલ તેમ જ ધ્યાનશીલ નેતા, સંચાલક આજે અહીં હોત તો જરૂરાજરૂર આપણી આગળ ખડા થયલા સવાલનો તોડ સુરળિતપણે લાવવામાં ભારે ઉપયોગી, સહાયક થઇ પડયા હોત. વિશેષે કરીને મને, નડીઆદને એ મુક્તાત્માની ખોટ ઘણી જ અસહ્ય લાગે છે.

વળી નડીઆદે એક બીજો મહત્વાકાંક્ષાથી તરવરતો, કોડીલો જુવાન **શ્રી. કવિશ્રી પૃથુ હ. શુકલ** ખોયો છે. જીંદગીની સુકી જ અનુભવતો, દેશદેશાવરમાં ધવાયલા અંતરે સમભાવની ઇચ્છાથી ભટકારા મારતો, જગતની બેકદરથી ધગધગતો એ કવિદીપક ગુલ થયો છે. આ અંતરીં જીવનસાધન છતાં આભે ઊંડલ ભરવાના ઉત્સાહવાળાં, પરંતુ નિરાશ્રયથી પાછાં પડનારાં હૃદયોની મથામણને પ્રતિબિંબિત કરનારી 'ફૂલપાંદડી' 'ફુલ નહીં તો ફુલની પાંદડી' અર્પવાના ઓરતાથી સરસ્વતી દેવીને ચરણે સમર્પી, તેમ જ 'આરામગાહ'–વિશ્રામઘાટ–નું દર્શન કરાવી, એ આશાભર્યો બંધુ સદાને માટે પ્રભુના આરામગાહે સંચર્યો છે.

ગુર્જર સાહિત્યની પ્રાચીન સમૃદ્ધિને એકલે હાથે, તેમ વિદ્વાનોની સહાયથી તથા રાજ્યાશ્રયથી પણ પ્રકાશમાં આણનારા, યથાશક્તિ સાંપ્રત જમાનાને અનુકૂળ ભાવવાળું સાહિત્ય સર્જનારા, મહાકવિ પ્રેમાનંદના જેવી પ્રેમાનન્દી પ્રતિજ્ઞાથી ગુર્જરી દેવીની મરણ સુધી, નવજુવાનોને શરમાવે તેવા ઉત્સાહ ને ખંતથી સેવા બજાવનારા, સાહિત્યમાર્તણ્ડ, રાજરત્ન, **શ્રીયુત હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના** અવસાનથી સાહિત્યપરિષદને તથા ગુર્જર સાહિત્યને ન પૂરાય તેવી ખોટ ગઇ છે. 'પાણીપતની લડાઈ' જેવું સ્વદેશીની ભાવનાથી ઉછળતું કાવ્ય, બાળકો માટે સો સો ટચુકડી વાર્તાઓના ગુચ્છો, કન્યાકેળવણીની વાંચનમાળા, ઘરગતુવૈદું, ઘરગતુ કેળવણી, સંસાર–સમાજસુધારો, વગેરેના સરળ, સરસ નિબંધો, આદિથી તેમણે સાહિત્યરસિક જનતાની સુરૂચિને સંતોષી છે. ભાષા, વ્યાકરણ, સાહિત્ય, ઇતિહાસના લેખોથી સાહિત્યકારોને વિચારણાનો ખોરાક પૂરો પાડયો છે. પ્રાચીન કવિઓનાં ચરિતો અને સટિક કાવ્યો, પ્રેમાનંદનાં નાટકો પ્રકટ કરી અપૂર્વ સાહિત્યસંગ્રહ પ્રકટ કર્યો છે. એમની આવી સાહિત્ય-

સેવાઓ વિપુલ અને વિવિધ છે. તેમણે સાહિત્યપરિષદ્‌ને અમદાવાદના છઠ્ઠા સંમેલનમાં પ્રાચીન-સાહિત્યના પ્રકાશન અર્થે રૂ. ૧૦,૦૦૦ આપી, સ્થાયી સ્વરૂપ આપ્યું છે. તેમના સત્પુત્રોએ તેમનું નામ સાહિત્યઆલમમાં અમર કરવા 'નોબેલ પ્રાઇઝ'ના ધોરણે દર વર્ષે રૂ. ૫૦૦ નું ઇનામ આપવાની એક નામાંકિત યોજના કરી છે.

ગુર્જર હિન્દુ જનતાના ધર્મભીરૂ આત્માને આર્ય ધર્મ, નીતિ, ને વ્યવહારના ઉજ્જવલ પંથે દોરનારા, વાસ્તવ પુરૂષાર્થ, કર્તવ્યકર્મ અને સાચા સુખની ઝાંખી કરાવનારા, આચાર્ય, શ્રીમન્નથુરામ શર્માના અવસાનથી વિશાળ જનસમૂહોને અને ગુર્જરસાહિત્યને અતિશય અસહ્ય ખોટ [illegible] હાલના અતિપ્રવૃત્તિના અને કંઇક અંશે ઉન્માર્ગવૃત્તિના વાવંટોળે ચઢેલા, જમાનામાં તેમણે ધા[illegible] સાહિત્ય વિપુલ પ્રમાણમાં પ્રકટાવી, ફેલાવી, અપૂર્વ લોકસેવા બજાવી છે. ઉપરાંત હાલનું કેળવ[illegible]ના એક આદર્શ મઠરૂપ લેખાતું, 'દક્ષિણામૂર્તિભવન' તેમની સુંદર સહાયતાનું સુફલ છે. આનં[illegible]શ્રમની પાઠશાળા અને અન્યત્ર વિદ્યાર્થીભવનો તેમનાથી પોષાયાં છે. તેમના જેવા મહાનુભા[illegible] સચ્ચારિત્રશીલ, ધર્મોપદેશક તેમ જ વ્યવહારદર્શી સત્પુરૂષનું અવસાન ગુર્જરસાહિત્યરસિક જ[illegible]તાને જરૂર સાલશે.

શ્રી. વાડીલાલ મોતીલાલ શાહના અવસાનથી ગુર્જર સાહિત્યસૃષ્ટિને ઘણી હાનિ થઇ[illegible] એ જૈન વિદ્વાન, ફીલસુફ અને પત્રકારે જૈનોના ત્રણે ફીરકાઓની ધાર્મિક અને સામાજિ[illegible] જાગૃતિ સચેત કરી હતી. જૈન ઐતિહાસિક નોંધ, 'નગ્નસત્ય', 'મુંઝાયલી દુનીયાં' વગેરે ગ્રં[illegible] તેમણે લખ્યા છે. તેઓ જૈનસૂત્રોનાં રહસ્યને નવીન દૃષ્ટિથી સંશોધવાનું કાર્ય રસપૂર્વક કરતા હત[illegible] તેઓ જર્મન ફીલસુફ નિત્સેના ઉપાસક હતા. તેમની શૈલી ઉછળતી, જોરદાર, ઉદ્દામ હતી શ્રી. ગળિયારાનું રૂ. ૧૦૦૦ નું ઇનામ સાહિત્યપરિષદ્ તરફથી તેમને 'નગ્ન સત્ય' માટે અપા[illegible] હતું. તેઓ આધ્યાત્મિક જીવનમાં મસ્ત રહેતા હતા. તેઓ અડગ સુધારક, ક્રાન્તિકારી તત્ત્વચિન્તક અને લોકપ્રિય સાહિત્યસેવક હતા.

મારૂં ખેદદર્શન હું આટલેથી આટોપું છું. પરંતુ તે પહેલાં હું ત્રણ પારસી સાહિત્યવિહારી બિરાદરો મર્હુમ **શ્રી. પેસ્તનજી જમશેદજી સત્થા, શ્રી. જહાંગીર જમશેદજી વીમાદલાલ** અને **શ્રી. શાપુરજી કાવસજી હોડીવાળા**ને સ્મરણાંજલિ અર્પવા નહીં ચૂકું. શ્રી. પેસ્તનજી સત્થાએ પ્રતિષ્ઠિત "ગુજરાતી" પત્ર દ્વારા તેમ જ વિવિધ વાર્તાગ્રન્થો દ્વારા ગુર્જરસાહિત્યની સારી સેવા બજાવી હતી. શ્રી. વીમાદલાલ ફીલસુફ, થીઓસોફીસ્ટ, ગુર્જર તત્ત્વજ્ઞાની કવિઓના અભ્યાસી હતા. સારા વ્યાખ્યાતા તેમ જ લેખક હતા. શ્રી. શાપુરજી હોડીવાળા સંસ્કૃત ભાષા અને ગુજરાતી સાહિત્યના જાણકાર હતા; અવારનવાર સાહિત્ય અને ઇતિહાસના લેખો લખતા હતા. આઠમી સાહિત્યપરિષદ્‌ના એક મંત્રી હતા.

સાથે સાથે અન્ય જે કોઇ સાહિત્યપ્રેમી બંધુઓ—જેવા કે વેદાન્તતત્ત્વવિદ્ હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ, તથા પંડિતવર, શાસ્ત્રી રામકૃષ્ણ હર્જી—નાં અવસાન થયાં છે તેમને પણ મારી અંતરની ભાવભરી સ્નેહાંજલિ સમર્પું છું.

(૨)

નડીઆદની ઇતિહાસગાથા

હવે હું મને અવસર મળ્યો છે ત્યારે જ્યાં પરિષદ્ મળે ત્યાંની ભૂમિદેવતાની ઇતિહાસગાથા ગાવાના રીવાજને જતો નહીં કરૂં. જો કે અહીં હું અમારી જન્મભૂમિ—નડીઆદ

ગાથા ગાઈ રહ્યો છું,* છતાં તેના નામકરણની, અટપટા ભાષાશાસ્ત્રની, ધુમશ્રીમાં તમને ભમાવવાનો નથી, તેમ ૯૦૦ વર્ષના ગાળામાં થયલાં સ્થળાંતરોની, તેમ ગુજરાત અને તેની બહારનાં નગરોમાંથી એક યા બીજા કારણે થયલાં વસ્તીનાં ઉભરણોની તવારીખી આંટીઘુંટીમાં પણ નહીં ઉતારૂં.

ખાસ ભૌગોલિક સ્થિતિ તેમ જ કુદરતી બક્ષીસોને અંગે ગુજરાતના નન્દનવન લેખાતા ચાકાર–ચરોતર–ના અગ્રણી નગર નડીઆદે ઠેઠ સને ૧૦૯૬ થી ઐતિહાસિક ને વ્યાપારી ...ત મેળવ્યું છે. વલ્લભી રાજકાળમાં શેઢી નદીની પેલી પારનું, નડીઆદથી ચાર માઇલ ઉપરનું ...ગામ અગત્યનું મથક હતું. પણ કર્ણ સોલંકીએ સને ૧૦૭૨ થી ૧૦૯૨ ના ગાળામાં મહેવાસી ...ળી ઠાકોરોને શેહ આપી, કાબૂમાં આણ્યા; માળવા–ગુજરાતનો માર્ગ નિષ્કંટક કર્યો, અને ...ગતના પિતા લેખાતા પાટીદાર ખેડુતબંધુઓને વસાવ્યા. પરિણામે ચરોતર એ ચારૂમાં ...રૂ ભૂમિ બની; અને તે કાળના, પાંચ બંદરી, વ્યાપારી તેમ જ લશ્કરી ધોરી માર્ગોનું મથક ...ડીઆદ થયું. સને ૧૦૯૪ માં કર્ણ સોલંકી મરણ પામતાં બાળરાજ, ગુર્જરસમ્રાટ્ સિદ્ધરાજની ...વિત્ર સતી, માતા મીનળદેવી ગુજરાતના દક્ષિણ ભાગના મંડલેશ્વરોની રાજભક્તિ દૃઢ કરવાને પ્રવાસે ...ીકળ્યાં. ખેડાથી નડીઆદ આવી, સને ૧૦૯૬ (સં. ૧૧૫૨)માં હાલની ડુમરાળ ભાગોળે ...ખૂટ પાણીવાળી વાવ બંધાવી; આવી વાવો અને મલાવો એ રાજમાતાએ આ અરસામાં ગુજરાત...ાં કેટલેક સ્થાને બંધાવેલી છે. અહીંની વઘેવાળ, ઉદેવાળ, મલાવ વગેરે તે સમયનાં સ્મારક ...ખાય એમ છે. વણઝારી વાવ વગેરે પણ આવાં જૂનાં સ્મારક છે.

ગુર્જર રાજ્યઅમલ સને ૧૨૯૫ માં તૂટ્યો. એટલે આ ભાગમાં અંધાધુંધી ફેલાઈ જણાય છે. નાંદોદ, ચાંપાનેર અને માતરના રાજા-ઠાકોરના હાથમાં તે પડ્યું હશે. પરંતુ ખીલજી અને લોદી કાળમાં મુસ્લીમ અમીર ઉમરાવોએ આ ભાગને એક કરબો કરી લીધો. અને ગુજરાતી સલ્તનત (સને ૧૪૦૩) શરૂ થવા અગાઉ, તેમ અમદાવાદ (સને ૧૪૧૪ માં) સ્થપાવા અગાઉ ક્યારનુંયે નડીઆદે ઐતિહાસિક–લશ્કરી મહત્વ મેળવી લીધું હતું. ૧૪૧૧ માં પહેલા સુલ્તાન મુઝફ્ફર શાહના ખીલાઉપાડ કરવાને મુસ્લીમ અમીરો નડીયાદ આગળ જામ્યા. નડીઆદનો જીવણદાસ ખત્રી સેનાપતિ પાટણ ઉપર સીધો ધસ્યો. તે પછી અહીંના ડુંડી આમલી આગળ ભારે રણજંગ મંડાયો હતો. તે પછી પણ બીજા કેટલાક રણજંગ અહીં ખેલાયા હતા. ઇંગ્લાંડમાં વેલ્સ પાટવી કુંવરનું મથક બન્યું તેમ નડીઆદ સુલ્તાનોના શાહજાદાના ગજવાખર્ચનું પરગણું થયું હતું. તે અમદાવાદ સરકારના ૩૩ મહાલોમાંના એક મુખ્ય મહાલનું શહેર થયું હતું. નડીઆદના હિન્દુ અને મુસ્લીમ સેનાપતિઓ તે કાલના ચાંપાનેર વગેરેના ફોજદારો, ગઢરક્ષકો, અને ગુપ્ત કોષસંરક્ષકોના પદે હતા. તેઓ સલ્તનતની પતાકા ઉડાવતા, તેમ સમય આવ્યે નમાવતા અને ડોલાવતા પણ હતા.

મહમદ બેગડાના અમલમાં સને ૧૫૦૩ માં અમદાવાદી દરવાજે એક મોટી વાવ ખંભાતના ખડાયતા વણિકે બંધાવી. બહાદુર શાહના અમલમાં સને ૧૫૩૫ માં હુમાયુએ સાહિત્યર પર ચઢી ચાંપાનેર ઘેર્યું ત્યારે તવારીખનવેશ વીલીયમ અરસ્કીન કહે છે તેમ હલ્યવના એક સુંદરમાં સુંદર મહાલ નડીઆદના કાજીના પુત્ર ફોજદાર ઇખ્તયાર-

* આ સંબંધમાં સપ્રમાણ હકીગત અને વર્ણન માટે મારો "નડીઆદ વિષે કંઈક" એ લેખ સાચક"ના ૧૯૧૮ના નવેમ્બરના અંકમાંથી જોઈ લેવો. પુ. ૨૭, અંક ૧૧, પાનાં ૬૦૯ થી ૬૨૧.

ખાને સલ્તનત તરફથી જબરજસ્તપણે સામનો ઝીલ્યો હતો."* મોગલાઈ અમલમાં નડીઆદ હાકેમોનું મુખ્ય મથક હતું. મોગલનો કોટ, મસ્જીદ, હવેલીનાં સ્થળ હજી મોજુદ છે. હાલનો સાહિત્યના આલમમાં મશહૂર થયલો અમારો ઝઘડીયો પાડો એ શાહી ઝંડા–નોબત–નું સ્થાન હતું. કાકરખાડ સાથે આ સ્થળ ઓરંગઝેબના સમયમાં મુસ્લીમોના કબજે હોવાનાં નિશાન તેમ દસ્તાવેજ પણ કાયમ છે. એ સમયમાં અકીક, ગળી, કાપડ, બાસ્તો, છીંટ, ઓસાબચા, ગોમચા, નાડાં, લુગડાં રંગવાના ઉદ્યમ વગેરે, વણજવ્યાપારનું ધીકતું મથક નડીઆદ બન્યું હતું. સને ૧૪૦૩ થી ૧૭૦૭ એટલે ૩૩૪ વરસ સુધી નડીઆદે લશ્કરી, વ્યાપારી ધોરી માર્ગો પંચભેટાનું સ્થાન ટકાવ્યું હતું.

તે પછી નડીઆદ સને ૧૮૦૩ માં કડીના ગાયકવાડ મલ્હારરાવના કબજામાંથી છેવટ સીધી બ્રિટિશ હકુમત હેઠળ આવ્યું ત્યાં સુધી મુસ્લીમ, મરાઠા, પેશ્વા, ગાયકવાડ, સીંધીયા વગેરે માંહોમાંહેની હાકેમગીરીમાં નડીઆદ 'સેમૂક'માં પડયું. પીલાજીનું પીલવઇ તળાવ, મલ્હારરા મલ્હારપરૂં વગેરે તે સમયના અવશેષ. આ સમયમાં "આંડા સાપનો બે પાસનો મરો" "પાડેપાડાની લડાઇમાં ઝાડનો ખોડો" તેની પેઠે દંડદમદમાટ, જુલ્માટ, લુંટફાટ, ચોથ, સરદે મુખી, ઘાસવેરો વગેરેની બેસુમાર કનડગનો, કમબખ્તીઓ નડીઆદે વેઠી, તેની સમૃદ્ધ ઔ ઉદ્યોગઉદ્યમો, વ્યાપારવણજ વણસ્યાં. છતાં રેલ્વે ન આવી ત્યાં સુધી તેનું ધોરી મા સ્થાન કાયમ હતું. તે પછી પણ નડીઆદની શરાફી ધીકતી હતી. ઠેઠ કલકત્તા, કાશી સુધી ાશકરાતી હતી.

કુંપની સરકારના અમલમાં વ્યાપાર અર્થે આવેલા વ્યાપારીઓએ ૧૬૧૩ થી ૧૮૪૧ સુધી નડીઆદની મુલાકાત લઈ તેની જાહોજલાલી નોંધી છે. મિ. ગ્રીગ્સ ગુજરાતનાં નગરો વર્ણવ નડીઆદને ભૂલ્યો નથી. પોતાના "વોયેજીસ એન્ડ ટ્રાવેલ્સ"ના પુસ્તકમાં મિ. ફ્રેર્સ નડીઆદ ગળી અને કાપડના ઉદ્યોગને વખાણે છે; મેન્ડેલોસ, રાઇટ રેવરંડ રેજીનોલ્ડ હેબર, મેજર જેર ફોર્બસ વગેરેએ પણ તેની મહત્તા સુંદર શબ્દોમાં વર્ણવી છે.

સને ૧૮૧૪ માં નડીઆદના પાંચેક મજમુદારો અને દેશાઇઓ બ્રિટીશ સરકારને ચોપ કાવતરાંખોર તરીકે ચઢી ચૂકયા હતા. ખેડા જીલ્લામાં કેળવણી અને લોકચેતનનું મુખ્ય મથ નડીઆદ ઠેઠ સને ૧૮૨૬ થી થયું છે. સાંપ્રત લોકચેતનના યુગમાં પણ નડીઆદના સુપુત્રો મ. ગાંધીજીના સ્વરાજ્યમથનના પડકાર ઉમદા રીતિએ ઝીલીને, અહિંસક યજ્ઞમાં આત્મબલિદા દેઇને પણ રાષ્ટ્રહિતની ધ્વજા ફરફરાવતાં નડીઆદનું ઐતિહાસિક મહત્વ યશોજ્જવલ કર્યું છે, તે તો આપ સહુની જાણીતી વાત છે.

લોકધર્મની દષ્ટિએ જોઇશું તો બહુ દૂરના સમયમાં નહી આથડતાં સને ૧૮૦૨ માં શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યશ્રી સહજાનંદ સ્વામીના વૈષ્ણવ લોકધર્મના બોધ નડીઆ ઝીલ્યા છે. વડતાળ, ડભાણનાં મંદિરો બાંધવા અગાઉ શ્રી નારાયણદેવનું મંદિર તેમણે અવલોક હતું. રેવરંડ હેબરને સને ૧૮૨૪ માં સ્વામી શ્રી સહજાનંદ ધર્માચાર્યના હાથથી નડીઆદ શહે પણ

* જુઓ "હીસ્ટરી ઓફ ઇંડિયા" અરર્કીન–વો–૨–પાનું ૬૨મું: "The fort was bravely ed by Ekhtjar Khan the son of a Kasi of Nariad one of the finest c of the Kingdom"

વચ્ચેની કચેરીમાં મળ્યા હતા. વળી તે શ્રી સંતરામ મહારાજના લોકધર્મના અમૃતપ્રભાવ શતાબ્દિથી ઝીલતું રહ્યું છે. શ્રી સંતરામધામ મુલકમશહૂર, સહુ લોકપ્રવૃત્તિઓનું સભાસ્થાન બન્યું છે. ઉપરાંત કુબેરદાસ, કબીરજીના શિષ્યો આદિની ગાદીઓ પણ અહીં છે.

સાહિત્યસેવામાં પણ નડીઆદનો હિસ્સો કાંઈ નાનોસુનો નથી. મધ્યકાળની નડીઆદની સાહિત્યપ્રવૃત્તિઓ વિષે, શોધખોળને અભાવે કાંઇ હું કહી શકું એમ નથી. પણ મહાકવિ પ્રેમાનંદની પૂર્વે વડનગરા નાગર બ્રાહ્મણ, વિષ્ણુજીસુત અવિચળદાસે સં. ૧૬૮૯ માં ભાગવતનો ૬ ઠ્ઠો સ્કંધ અને સં. ૧૬૯૬ માં મહાભારતનું વનપર્વ રચ્યું હતું. તે પછી સં. ૧૭૭૪ માં પ્રેમાનંદશિષ્ય, વિશ્ર હરિશ્ચન્દ્રાખ્યાન બાંધ્યું હતું. ૧૮૭૧ માં "નડીઆદ દુનીયાદાદ' છાપું નીકળ્યું હતું. અહીંનો 'ભુવાણી'વાળો કવિ નભુ, શ્રીનર્મદ કવિનો સહચારી હતો. સાંપ્રત કાળમાં તો શ્રી. ઝવેરીલાલ યાજ્ઞિક, મનઃસુખરામ ત્રિપાઠી, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, બાળાશંકર, દોલતરામ પંડ્યા, છગનલાલ પંડ્યા, તનસુખરામ ત્રિપાઠી, વિઠ્ઠલદાસ ધનજીભાઇ પટેલ, રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ, શ્રી મગનભાઇ ચતુરભાઇ પટેલ વગેરે નામાંકિત સાક્ષરો અને સાહિત્યકારોએ નડીઆદને સાક્ષરોનું ધામ એ અનુપમ ઉપનામ અપાવ્યું છે.

સાહિત્ય સિવાયના રાજકીય આદિ અન્ય પ્રદેશોમાં પણ નામાંકિત પુરૂષો નડીઆદે નિપજાવ્યા છે. શ્રી. હરિદાસ વિહારીદાસ દેસાઇ, શ્રી. લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ, શ્રી. ખુશાલદાસ ફકલદાસ પટેલ વગેરેએ સારી નામના કાઢયાનું લોકપ્રસિદ્ધ છે. નડીઆદની ઉત્તમ લોકખાવતનાં પ્રમાણ શ્રી ડાહીલક્ષ્મી પુસ્તકાલય અને 'રીમેઇલ હોસ્પીટલ' રજુ કરે છે.

(૩)

પરિષદ્‌પ્રબંધ

હવે હું આ ગાથા લંબાવી, આપની ધીરજને બહુ નહીં તાવું. જે મુખ્ય કર્તવ્ય માટે આજે આપણે અહીં ભેગા થયા છીએ તે વિષે કંઇક વિસ્તારથી ઊહાપોહ કરૂં છું. જો કે સાહિત્ય-પરિષદનો જન્મ સને ૧૯૦૫ માં અમદાવાદમાં થયો, પણ તે અગાઉ આવી એક સંસ્થાનાં સ્વપ્નાં સદ્‌ગત અભેદમાર્ગપ્રવાસી મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ સને ૧૮૮૯ ના "સુદર્શન"ના મેના અંકમાં 'ગુજરાતી ભાષાની ઉન્નતિ"ના લેખમાં આલેખ્યાં હતાં.* તેમની યોજના સાદી તેમ સરળ હોવા છતાં હેતુ–ઉદ્દેશ–વ્યવસ્થા–માં સચોટ અને સ્પષ્ટ છે. પરંતુ બંગભંગ અને તેને અંગે ઉદ્‌ભવેલી સ્વ-રાજ્ય, સ્વદેશી, રાષ્ટ્રીય કેળવણી અને બહિષ્કાર એ ચતુઃસૂત્રીની ચળવળે દેશમાં અવનવું લોકચેતન

* "(૪) પ્રતિવર્ષે આખા ગુજરાતના વિદ્વાનોનો સમાજ કરવો જોઇએ. સમાજમાં સભાસદ થવા માટે પ્રખ્યાત વિદ્વાનોને તથા સમૃદ્ધિવાન ગૃહસ્થોને નિમંત્રણ કરવાં જોઇએ. ગૃહસ્થોની મદદ પણ માગવી જોઇએ. ઉપરાંત પ્રતિસભાસદ પાસેથી કાંઈ લવાજમ લેવું જોઇએ, તથા અનિમંત્રિત ગૃહસ્થોને પણ સભાસદ થવું હોય તો છૂટ રાખવી જોઇએ. આવો સમાજ બે ત્રણ દિવસ એક સ્થળે રહે: ત્યાં ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન એ વિભાગમાં વહેંચાઈ પોતાનું કામ ચલાવે. પ્રતિવિદ્વાન્ તે તે વિષયનાં લખાણ, શોધ, ઇત્યાદિ ત્યાં રજુ કરે; અને બધી જુદી જુદી શાખાઓ એક સમગ્ર બેઠકમાં જાણવાજોગ બાબતોનો રીપોર્ટ વંચાય, તથા યોગ્ય ભાષણ કરવા પણ વિનવાય. આ બધાનો સવિસ્તર રીપોર્ટ પછીથી પ્રસિદ્ધ થાય. આવી વ્યવસ્થા રાખે તો આપણી ભાષાની અર્થાત્ આપણી બુદ્ધિની ઉન્નતિ સહજમાં થાય; અને જે નિર્માલ્ય લેખકપણો લેખકવર્ગ આજકાલ અધમતામાં અબડાયો છે તે લેખકો પણ તરત જ પરખાઈ આવે.

આ સમાજે એક વાર્ષિક પત્ર તૈયાર કરવો જોઇએ, જેમાં આખા વર્ષમાં પ્રસિદ્ધ થયલાં પુસ્તકોની યાદી એવી રીતે કે દરેક પુસ્તકનો વિષય સારી રીતે સમજાય, ને તેના ગુણદોષ ધ્યાનમાં આવે."

જાગ્યું, અને યુવાન આત્માઓ દેશ-કાલને ઉચિત કંઇક ને કંઇક કરવાને સચેત, વ્યાપારી વણુત્રીઆજ ગુજરાતમાં લોકાત્માને જાગવનારી પ્રવૃત્તિઓ અને હિલચાલ ઉપડી. એટલે તે કાળે વગોવાયલા તેમ લાંબા કાળ સુધી વગોવાતા રહેલા, લોકચેતનને સ્વરૂપથી અલગ રહી, ગુજરાતી વાઙ્મયની દરેક ઇષ્ટ દિશામાં સંવૃદ્ધિ તેમ જ સંશુદ્ધિ કર તે દ્વારા જનતાના ઉત્સાહને મજબૂત કરવાના આશયથી સાહિત્યપરિષદ્‌ની યોજના, અમ "ગુજરાત સાહિત્યસભા"એ સ્વ. ભાઈ રણજિતરામ વાવાભાઇ, શ્રી. રમણભાઇ નીલકંઠ પ્રેરણાથી વ્યવહારમાં ઉતારી. અને પરિષદ્ "નવીન ભારતના અગ્રગણ્ય વિચારકોની કક્ષામાં વિરાજતા" સાક્ષરશ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રમુખપદે મળી. તેમાં 'જૂના'–'રીઢા' લેખાતા સાક્ષરો અને સાહિત્યસેવકોની પૂરતી સહાનુભૂતિ, 'નવા' અને 'જૂના' એ બન્ને વિચાર વિનિમયોનો સમન્વય થયો હતો. તેનો આ ઉદ્દેશ હતો, જે અલબત્ત તેના યોજકે જ કહ્યું છે તેમ " મહત્ત્વાકાંક્ષી " અને " પ્રગલ્ભ " હતો, હદથી જ્યાદા બહોળો–સર્વગ્રાહી, હાથીના પગલાં જેવો હતો.

"ગુજરાતી ભાષામાં પાંડિત્ય અને રસિકતા ખીલે, નવીન શોધખોળ માટે તીવ્ર ઉત્કંઠા થાય. વિદ્યામાં સમાયલા સર્વ વિષયોનું સાહિત્ય આપણી ભાષામાં રચાય, તે ઉપરાંત આપણા પ્રજા-જીવનના જે જે પ્રશ્નો આપણી કોંગ્રેસ, સંસારસુધારા કે ઔદ્યોગિક કોન્ફરન્સ અથવા સનાતન ધર્મમહામંડળ જેવાં ધાર્મિક મંડળો ચર્ચી ન શકે તેવા દરેક પ્રશ્ન ચર્ચાય."*

તે સમયના રાજકીય સંજોગો, અને લોકચેતનનાં વિવિધ અણખેડાયલાં અંગો–ક્ષેત્રો–ને એ મર્યાદામાં રહીને ખીલવવાની શક્યતા, કાર્યકરોની તત્પરતા એ સહુ વિચારીને આવો અતિબહોળો હેતુ સ્વીકારાયો હતો. માત્ર ગણ્યાગાંઠ્યા કાર્યકરો હોઇને તેમની શક્તિ અને લક્ષ અનેક દિશાઓમાં વહેંચાઇ જતાં પરિષદ્‌નું કાર્ય થંબી જશે, ગોકુળગાયની ગતિએ ચાલશે તેના વિચાર કે ખ્યાલને સામયિક ઉત્સાહમાં સંચાલકોએ ઘટતું વજન આપ્યું ન હતું, એમ સમજાય છે. આતુરતા તેમ ઉત્સાહ ઉપર જેટલો ઝોક મૂકાયો તેટલો હેતુની સિદ્ધિની શક્યતા ઉપર ન મૂકાયો. પરિણામે આ ૨૫ વર્ષનો ગાળો, જે જો વાસ્તવિક પ્રગતિ સાહિત્યના વિકાસ અર્થે થઇ હોત તો મહાકવિ નાનાલાલની સૌથી વિશેષ લક્ષ ખેંચનારી સાહિત્યકૃતિઓને અંગે નાનાલાલયુગ કહેવાયો છે, તેને બદલે પરિષદ્‌યુગ તરીકે ઓળખાયો હોત, અને આજે

---

* જુઓ ૧ લી સાહિત્યપરિષદ્‌નો વૃત્તાન્ત ૧૯૦૫ નો; આ ઉદ્દેશને વિશેષ સ્પષ્ટતાથી સ્વ. રણજિત-રામે આ પ્રમાણે નિરૂપ્યો છે:

" ગુજરાતી ભાષા અને સાહિત્યનું જેટલા પ્રકારે થઇ શકે તેટલા પ્રકારે વિવેચન કરવું; આપણી લલિતકલાઓ ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય વગેરેના પુનરુદ્ધાર કરી,...સૌન્દર્યનો વાસ ગુર્જર હૃદયે કરાવવો; પ્રાચીન–અર્વાચીન ઇતિહાસ જાણવા, પુરાણ વસ્તુશાસ્ત્ર, ઉત્કીર્ણલેખન, મુદ્રાશાસ્ત્ર પ્રભૃતિ શાસ્ત્રોનો અભ્યાસ અને શોખ જગાડવો,...આપણી પ્રજામાં historical spirit—ઐતિહાસિક વૃત્તિ જગાડવી, ભૂગોળનો અભ્યાસ વ્યાપાર અને ઇતિહાસ તથા ધર્મના લાભાર્થે વધારવો; સાયન્સના અભ્યાસ માટે જોગવાઈ અને રૂચિ ઉત્પન્ન કરવો;...આ હેતુ સાધવા પરિભાષા અને લેખનપદ્ધતિ કેવાં ઘડવાં તેનો નિર્ણય કરવો; આ ઉપરાંત સંસાર-શાસ્ત્ર, માનવશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને નીતિતત્ત્વચિંતન સંબંધી જૂદાં જૂદાં દૃષ્ટિબિન્દુથી અભ્યાસ કરાવવા; વળી કેળવણીની યોજના વિમર્શવી; રંગભૂમિ, વર્તમાનપત્ર જેવી પ્રજાજીવન ઘડનારી પ્રણાલિકાઓનાં પુણ્ય કર્તવ્ય નક્કી કરવાં;...તાત્પર્ય કે વિદ્યાના પ્રભાવથી આપણા દેશનું ભાગ્ય ઉઘડે, આ પ્રજાનો ઉત્કર્ષ શી રીતે થાય, એ પ્રશ્નના ઉત્તર અને નિરાકરણ માટે પરિષદે પ્રજાને જાગૃત કરવી, અને કર્તવ્ય આચરવા પ્રેરવી."

આપણે પરિષદની રૌપ્ય જયન્તિ ઉજવવા મળ્યા હોત, તે ગાળામાં સાહિત્યપરિષદ નહીં જેવું જ આ શ્રેય કેમ સાધી શકી છે; અને હાલમાં તે બંધારણના ગતિબંધ(ડેડલોક)થી કુંઠિત દશા કેમ ભોગવે છે, તે અનુભવથી સમજી શકાય છે.

તેમ એક બીજો મુદ્દો પણ આ સંબંધમાં વિચારવાનો છે. પરિષદ સ્થપાઈ ત્યારે 'ઓરિએન્ટલ કોંગ્રેસ,' ફ્રેન્ચ અને ઇંગ્રેજી એકેડેમીઓ, બંગલા સાહિત્યપરિષદ, હિન્દી નાગરીપ્રચારણી સભા, સનાતન ધર્મમહામંડળ વગેરે સંસ્થાઓના ઉદ્દેશો અને કર્તવ્યક્ષેત્રો લક્ષમાં રખાયાં હતાં; ઉપરાંત વિજ્ઞાન(વિસ્તૃત અર્થમાં), લલિત કળાઓ, ઇતિહાસ, ધર્મ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર એ સહુયે વિભાગોનાં વાઙ્મયોની અભિવૃદ્ધિ એકસામટી સાધવાનો મનોરથ પણ ઉપરવટ થયો હતો. આ મનોરથ કુદરતી હતો, પણ ગુજરાતના કાર્યકરોની ગુંજાશ બહારનો હતો. પરંતુ તે પછીનાં વીસ વરસમાં, (૧૯૦૫ થી ૧૯૨૪) મરાઠી, હિન્દી, તામીલ—એ સાહિત્યપરિષદોએ અને મહારાષ્ટ્ર ઇતિહાસસંશોધક મંડળે ધીરગંભીર ગતિથી પાર ઉતારેલાં અને ઉતારવા ધારેલાં સાહિત્યકાર્યોના પરિચય પછી પણ, આપણી પરિષદ કાંઈ જ સત્વશાળી પ્રગતિ કરી શકી નથી, કરી શકતીયે નથી, એમ સમજવામાં આવવા છતાં મુંબઈમાં (૧૯૨૪માં) નવું હાથજકડું બંધારણ રજીસ્ટર્ડ થયું ત્યારે ગુર્જર વિદ્વાનો અને વિચારકોએ મોટે ભાગે પોતાનું લાક્ષણિક શરમાશરમીપણું તેમ જ ઉદાસીનપણું ચાલુ રાખ્યું, પૂરતી બુદ્ધિશક્તિ ખર્ચી નહીં, અને વિચારવિનિમયમાં કચાશ રાખી, એ શું ઓછું શોચનીય છે? શા માટે ભવિષ્યમાં કંઇ કાર્યસિદ્ધિમાં પ્રગતિ નહીં કરવાના આક્ષેપને અવકાશ ન રહે તેવું કંઇક યથાશક્તિ યોજવા–યોજાવવાનું મથન તેમણે ન કર્યું? શું એટલીયે તેમની ફરજ ન હતી? હજીયે કેમ તેઓ પોતાના સર્વદેશી અને પરિપક્વ જ્ઞાન, અનુભવ અને દોરવણીનો તેમ લાગવગનોયે લાભ પરિષદને આપતાં અચકાય છે?

આ તો પરિષદના ઉદ્દેશની સિદ્ધિની મંદતા, વિરસતા, કૃપણ ગતિની અને નવા બંધારણથી એ સ્થિતિ નહીં સુધર્યાની, કહો કે સુધારી નહીં શકાયાની વાત થઈ. હવે હું સીધો બંધારણના બીજા મહત્ત્વના અંગ એટલે વહીવટ જ નહીં, તેમ એક સંમેલન પછી બીજું ભરાય તે અંતરાલમાં જ નહીં પણ, તે ઉપરાંત એકધારું સાહિત્યવિકાસનું કાર્ય નિયમસર ચાલુ રહે તેવી તંત્રઘટના કેમ શક્ય ન થઈ શકી, એ સવાલ ચર્ચું છું.

પરિષદનું વિખવાદભર્યું વર્તમાન બંધારણ

પહેલી અને બીજી પરિષદમાંથી વ્યવહાર અને ભાવિ પ્રગતિ ચલાવવાને નાણાં ફાજલ મળ્યાં નહતાં. ત્રીજી ૧૯૦૯ની રાજકોટની પરિષદને ધન—દ્રવ્યસંગ્રહ—ભંડોળ—નો વળગાડ વળગ્યો. એ ભંડોળના વહીવટ અને વધુ સંચય માટે એક રીતે પરિષદની પનાહમાં પણ વાસ્તવિક રીતે નિગાહ બહાર, તેનાથી કંઇક સ્વતંત્ર ધોરણે અલગ ભંડોળ કમીટી સ્થપાઈ. તે વેળાની પરિષદની ઉગતી તેમ નિર્બંધારણી સ્થિતિને અંગે તે વેળાના કાર્યકરોને આમ કરવું પડ્યું, એમ હું સમજું છું. એમાં હું તેમનો ખાસ દોષ કાઢતો નથી, તેમ કાઢી શકાય એમ નથી. પરંતુ જતે દહાડે સમય આવ્યો કે પરિષદને જવાબદાર રહે એવું ભંડોળ કમીટીનું ધોરણ કેટલાક કાર્યકરોને યુગતું સમજાયું અને તેથી સારી રીતે સાધ્યું પણ ખરું. વડોદરા (સને ૧૯૧૨) અને સુરત (૧૯૧૫)ની પરિષદમાં કંઈ ખાસ તે સામે પોકાર ઉઠ્યો ન હતો. પણ તેના હેવાલોમાં

ભંડોળ કમીટીની પ્રવૃત્તિનો હેવાલ પ્રકાશન માટે મળ્યો ન હતો, એથી ખેદ તો ઉઠ્યો હતો ખરો. આથી સને ૧૯૨૦ માં અમદાવાદમાં પરિષદ્‌ના સીધાસટ કાબુ હેઠળ ભંડોળ કમિટિનો વહીવટ અને મિલ્કત લેઇ લેવાનું સબળ મથન થયું, પણ તે વિફળ નીવડ્યું, અને કમભાગ્યે પક્ષરાગ કિંવા પક્ષાવેશ બંધાયો. ત્યારથી જ જોઈશું તો પરિષદ્‌ના સંચાલનમાં કંકાસ અને સત્તાગ્રહનાં મૂળ જામ્યાં છે.

ઉપર કહ્યું તેમ ભંડોળ મળતાં તેમ પાંચ વર્ષની ત્રમની પરિષદ્ થતાં બંધારણની જરૂરત રાજકોટમાં સમજાઇ અને એક કમીટી તેની ઘટના માટે નીમાઇ પણ ખરી. વડોદરામાં ચોક્ક સાદા સ્વરૂપવાળું બંધારણ રજુ થવા મંજુર થયું, સુરતમાં તેમાં કેટલાક સુધારા ફેરફાર થયા પરંતુ ત્યાં સુધી પરિષદ્‌નું સ્થાયી સ્વરૂપ ધારણ કરનાર એક તંત્રવાહી મંડળનો વિચાર મૂર્તિમાં થયો ન હતો. માત્ર ત્યાં સુધી સંમેલનો પૂરતો ઉત્સાહ જાગૃત કરવા સિવાય કાંઇ ખાસ સંગીન પ્રવૃત્તિઓ પ્રગતિમંત કરી શકાઇ ન હતી. તેમ ૧૯૧૫થી ૧૯૨૦ સુધીમાં એ ઉત્સાહ પણ સરી ગયો હતો.

આખરે અમદાવાદમાં ભંડોળ કમીટીનાં મિલ્કતવહીવટ પરિષદ્‌ની સીધી નિગાહમાં લેવાને તેમ પરિષદ્‌ના ઉદ્દેશોની વિશેષ સિદ્ધિ સાધવાને પણ **ગુજરાતી સાહિત્યપરિષદ્‌મંડળ** જેવા એક સ્થાયી, ચોક્કસ નિયમસર ચાલનારા તંત્રવાળી, સંસ્થાને સ્થાપવાનો વિચાર મૂર્ત સ્વરૂપ પામ્યો; તેનું બંધારણ મંજુર થયું અને પરિષદ્‌મંડળ સ્થપાયું પણ ખરૂં. છતાં તે પરિષદ્‌થી સ્વતંત્ર ન થાય, બેજવાબદાર બની ન જાય તે માટે નીચેનો નિયમ માન્ય રખાયો હતોઃ

"ગુજરાતી સાહિત્યપરિષદ્‌મંડળના ઉદ્દેશો, કાર્યપદ્ધતિ વગેરેમાં ફેરફાર કે સુધારા સૂચવવા **ગુજરાતી સાહિત્યપરિષદ્ સર્વોપરી રહેશે.**"

આટલું થયા પછી પરિષદ્‌મંડળ રજીસ્ટર્ડ સંસ્થા નહીં બન્યાથી ભંડોળ કમીટીનાં મિલ્કતવહીવટને પરિષદ્‌થી પોતાના કાબુમાં લઇ ન શકાયાં. એટલે ૧૯૨૪ માં ભાવનગર પરિષદે અતિ ઉતાવળી ગતિ કરવા એક સાહસિક પગલું ભર્યું; છ માસમાં પરિષદ્‌મંડળ અને પરિષદ્‌નું પણ બંધારણ તૈયાર કરી, આગામી પરિષદ્‌ની મંજુરી લેવાની જરૂરીયાતને પણ ડાબી મૂકી, રજીસ્ટર્ડ કરાવી લેવાનું ઠરાવ્યું; માત્ર નવા મંડળે પોતાના કામકાજનો હેવાલ આગામી પરિષદ્ આગળ રજુ કરવા સૂચવ્યું; તેથી વધુ કાંઇ નહીં. ટુંકમાં પરિષદ્‌ના સર્વોપરીપણાનું ધોરણ વિસરાયું. અલબત્ત ભંડોળ કમીટીનાં મિલ્કતવહીવટ તેમ જ પરિષદ્‌ને મળવાનાં જાહેર થયલાં ટ્રસ્ટો હાથમાં લેવા પરિષદ્‌મંડળ જેવી એક સ્થાયી સ્વરૂપવાળી સંસ્થા રચી, રજીસ્ટર્ડ કરાવી લેવાની તાકીદભરી અગત્ય હતી, એ ખરૂં; પરંતુ અતિઉતાવળમાં તેનું નવું બંધારણ પરિષદ્ રૂપી તેની જનનીનું સર્વોપરીપણું, જે અમદાવાદે વાજબી રાહે જરૂરી ધાર્યું હતું તે, હરી લેનારૂં તો થઇ ન પડે, અને શાસન કરનાર સંસ્થાને શાસન મેળવનારી, ગૌણ સંસ્થા કરનારૂં ન નીવડે તેની પાકી જોઇતી ખબરદારી રખાઈ નહીં, અને પરિષદ્ પાસે જ તેનાં કાંડાં કાપી લેવડાવવા જેવું શોચનીય પગલું ભરાયું. અસ્તુ.

આ ઠરાવ અનુસાર ૧૯૨૪ ના ઓકટોબરમાં પરિષદ્‌મંડળનું બંધારણ ઘડાઈ રજીસ્ટર્ડ પણ થઇ ચૂક્યું. તે પછી સને ૧૯૨૬ ના ફેબ્રુઆરીમાં, મુંબઇમાં પરિષદ્ મળે તે અગાઉ આ મંડળ અને પરિષદ્‌ના બંધારણનો સુધારેલો ખરડો મંડળની પેટા કમીટીએ સૂચવેલા છેલ્લ સુધારાવધારા સાથે મંડળની મંજુરી મેળવી, રજીસ્ટ્રારને ત્યાં ફરી નોંધાયો. પરિષદ્‌ના બંધાર

પણ પરિષદ્ની મંજુરી મળવા અગાઉ રજીસ્ટર્ડ કરાવાયું. પરંતુ તેમ કરવા સામે વાંધો લેવાતાં માત્ર એ બંધારણ આગામી પરિષદ્‌માં મંજુરી માટે રજુ કરવાની સૂચના માન્ય રખાઇ. અને ૧૯૨૬ ના એપ્રીલમાં મુંબઇ પરિષદ્, પરિષદ્‌મંડળના બંધારણ સામે આંગળી પણ કરી ન શકી. માત્ર સખ્ત વિરોધભરી ઝુંબેસ પછી પરિષદ્‌ના બંધારણમાં ચોક્કસ સુધારા કરાવી શકી.

પરિણામે મમતભર્યો, જીદ્દી પક્ષરાગે પરિષદના ઇષ્ટ શાન્ત વાતાવરણને ખળભળાવ્યું; અને પરિષદ્‌ની પ્રવૃત્તિઓને ગતિબંધ નડ્યો. આમાં મંડળની ૧૯૨૬ થી ૧૯૨૮ સુધીની આંતર વ્યવસ્થાએ, કટાક્ષભરી પક્ષાપક્ષી, અને સહકારવાંચ્છુઓની ટાળાટાળીવાળી રીતિનીતિથી કામ લેવા માંડ્યું, તેથી પણ કેટલુંક અઠીક વાતાવરણ જામતું ગયું. ઉપરાંત જે બે ત્રણ યોજના કે પ્રવૃત્તિઓ તેની કાર્યવાહક સમિતિએ ઉપાડી તેમાં નિર્મળ સહકાર, અને સુંદર સર્વાંગ કાર્યસિદ્ધિના આશયને અવકાશ મળ્યો નહીં. તે ઉપરાંત પરિષદ્‌મંડળનું બંધારણ અને તંત્રનિર્વહણ પરિષદ્‌ને સાવ ગૌણ સ્થિતિમાં મૂકતું હોવાનું એક સબળ પક્ષને પ્રામાણિકપણે લાગ્યું. પરિષદ્‌ને નાથેલા બળદ પેરે પરિષદ્‌મંડળ જ નહીં, પણ તેની સાત જણની કાર્યવાહક સમિતિ ચલાવે, તે સમિતિ મધ્યસ્થ મંડળને તેમ પરિષદ્‌મંડળને પણ પૂરતી જવાબદાર નહીં તો પરિષદ્‌ને જવાબદાર ક્યાંથી હોય ? પરિષદ્‌ના ઠરાવોને એ સર્વસત્તાક કાર્યવાહક સમિતિ માત્ર ભલામણ જ માની લે, અમલમાં ન મૂકવાને કુલ-મુખ્ત્યાર સમજે, એટલે તેના વહીવટને તપાસવાની માગણી તો પરિષદ્ ક્યાંથી જ કરી શકે ? પરિષદ્‌ના મધ્યસ્થ મંડળની ઘટના પણ પક્ષાવેશવાળી ચુંટણીને અંગે એવી જ જકડબંધી થઇ કે એક પક્ષનો સુકાની ચલાવે તેમ જ તે ચાલી શકે. તે કાર્યવાહક સમિતિ પાસે સબળ જવાબ માગવાનું માથું જ ન ઉંચકી શકે, તો દબાણ તો ક્યાંથી જ કરી શકે ? ઉપરાંત ઉપર કહ્યું તેમ કાર્યવાહક સમિતિની કેટલીક પ્રવૃત્તિઓ પણ એકપક્ષી ચાલવા લાગી, કેટલાકને સહકારનો નિરાદર થતો લાગ્યો. આવાં અનેક અનિષ્ટ તત્ત્વોએ વિરોધને જગવ્યો અને એક સામો પક્ષ જમાવ્યો.

અંતે ૧૯૨૮ માં અહીં નડીઆદમાં જ છેલ્લી નવમી પરિષદ્ મળી. તેને આવા પરિષદ્‌મંડળની પાકી ખબર લેવાની કડવી ફરજ ઉઠાવવી પડી. તે વેળા પરિષદ્‌મંડળના બંધારણથી જ નહીં પણ વહીવટથીયે સાથે સાથે કેવોક તીખો અને દિલઉકાળો કરાવનારો વાંધો ઉઠ્યો હતો, તે આપ સહુ જાણો છો. તેને પાછો અત્યારે વર્ણવવો એ કોઇ રીતે ઇચ્છવાજોગ, તેમ હવે જરૂરનું પણ નથી જ. માત્ર એ છેલ્લી પરિષદ્‌નો પાંચમો અને છઠ્ઠો ઠરાવ પરિષદ્ મંડળના બંધારણ અને વહીવટમાં ખૂંચેલાં તત્ત્વોનો ખ્યાલ કેટલેક અંશે આપે છે, તે હું જણાવું છું, એ બે ઠરાવોમાં જે નીચેની માગણી થઇ હતી તેથી એનો ખ્યાલ આવશે:–

"(૧) કાર્યવાહક સમિતિ અને મધ્યસ્થ સભાના ઠરાવો અને કામકાજની નોંધોનો વિગતવાર અહેવાલ જાહેર પત્રોમાં છપાવવો અને પરિષદ્‌મંડળના સભ્યોને તથા સભાસદ સંસ્થાઓને મોકલવો. (૨) પરિષદ્‌ની બેઠક અગાઉ એક માસ પહેલાં પરિષદમંડળના, અને મધ્યસ્થ સભાના હેવાલો છપાવવા. (૩) સદરહુ અહેવાલો સાથે સંબંધ ધરાવતા દસ્તાવેજો, પારિતોષિકની શરતો, લગારેલાં ટ્રસ્ટોની શરતો વગેરે પરિષદ્‌ની બેઠક વેળા, વિષયવિચારિણી સમિતિની માહિતી માટે ખુલ્લાં મૂકવાં. (૪) પરિષદ્‌ના ઠરાવ ઉપર પરિષદ્ મંડળે ભરેલાં પગલાં; તેનાં પરિણામ, અમલમાં આવતી મુશ્કેલીઓ વગેરેનો વિગતવાર હેવાલ વિષયવિચારિણી સમિતિ સમક્ષ રજુ કરવો,

(૫) પરિષદનું બંધારણ યોગ્ય થાય, અને પરિષદ્‌ને પ્રાધાન્ય તથા મહત્તા જળવાય તેવા ફેરફારો બન્ને બંધારણોમાં કરવા."

હવે હું પરિષદ્‌પ્રબંધનું પ્રકરણ આથી આગળ ચલાવવું યોગ્ય લેખતો નથી. કારણ છેલ્લી પરિષદે નીમેલી ૧૧ જણની બંધારણસમિતિએ આ સહુ સ્વરૂપો અને લક્ષણો વિચારી પ્રાપ્ત-સંજોગોમાં યોગ્ય અને શક્ય લાગ્યું તેવું નવું બંધારણ એકમતે આપ સહુની વિચારણા અને મંજુરી માટે રજુ કર્યું છે. પરિષદે એકમતે નીમેલી સમિતિએ એકમતે આ બંધારણ તૈયાર કરેલું હોઈને આપ આપની નૈતિક જવાબદારી સમજીને તે વિષે યોગ્ય નિર્ણય જાહેર કરી શકો એમ છો.

(૫)

પરિષદ્-પ્રવૃત્તિ

ભાઈઓ ! આટલાં પ્રકરણો સંભળાવીને આપને મેં ભારે ત્રાસ આપ્યો છે, એ હું સમજી શકું છું. સુજનતાનેય હદ હોય છે. છતાં પ્રસ્તુત અવસરે પરિષદ્‌પ્રવૃત્તિના ભાવિ પ્રવાહ વિષે મારા ઉરમાં ઉઠેલા બે બોલ કહી નાંખવાના મારા ઉમળકાને-લોભને રોકી શકતો નથી. એ તો 'નવ્વાણું ભર્યાં ત્યાં સો' એ કહેતી અનુસાર થોડોક વધુ ત્રાસ આપ સહી લેશો, એટલી મને ખાત્રી છે.

પરિષદ્ સ્થપાઈ ત્યારે અતિ 'મહત્ત્વાકાંક્ષી' અને 'પ્રગલ્ભ' ઉદ્દેશ રખાયો હતો, એ મેં ઉપર જણાવેલું જ છે. તે વેળાની ગુર્જર સાહિત્યની સમૃદ્ધિ, અન્ય સમોવડી ભાષાઓની સાહિત્યસમૃદ્ધિને સરસાઈમાં ચઢી શકે તેવાં મથન આદરવાનો સંકલ્પ થયો હતો. તે માટે તે વેળા સાક્ષરતા, પાંડિત્ય, પર્યેષણા, જેમ ઉંચી રસિકતાને ખીલવવાની ઉત્કંઠા મજબૂત હતી. અલબત્ત સંસ્કારી, ઉંચા થરનાં સાહિત્યો-વાઙ્મયો-ના સર્વાંગ વિકાસના મનોરથ સાથે લૌકિક સાહિત્યની, શહેરી તેમ ગામડાંની ધંધાર્થી તેમ જ શ્રમજીવી જનતાની, ભૂખ ભાંગવાનો મનોરથ પણ કાયમ હતો. જો કે, મ. ગાંધીજીએ અમદાવાદ પરિષદ્‌માં કહ્યું હતું તેમ જનસમાજની દૃષ્ટિએ સાહિત્ય ખીલવવાનો વિચાર, જે કાળે કરીને સર્વોપરી અગત્ય ધરાવતો થવા પામ્યો છે, તે, પરિષદ્‌પ્રવૃત્તિમાં તો શું, પણ સાક્ષરોની પ્રવૃત્તિમાં અગ્રસ્થાન પામી શક્યો નથી, એ ખરે જ દિલગીરીભર્યું છે, એ ખરૂં, તો પણ તેથી સાક્ષરતા જાણે સુજનતાવિહોણી હોય, જાણે ભાવિ સાહિત્યના વિકાસ માટે બિનઉપયોગી, બિનજરૂરી હોય, તેમ જાણે એવા વિકાસને પ્રતિકૂળ હોય તેમ તેને હીણવા જેવું કેટલાક દિશામાં થવા લાગ્યું છે, એ કોઈ રીતે ઇચ્છવાજોગ નથી, પણ ઉલટું સાહિત્યસર્જનનાં મૂળ ડામવા જેવું છે. કેવળ વ્યક્તિગત વદકારાપણું, છિદ્રાન્વેષીપણું, ખ-રૂ-ભ-ઢ-પ ની કે હ્રસ્વ-દીર્ઘની કે હ-કાર, જ-કારની મારીતારી કરવાની ટેવ, વાંકડાશ તેમ અકડાશને જ આગળ કરી સાક્ષરતાની પીઠમાં રહેલાં શાસ્ત્રાભ્યાસ, વિદ્યાવ્યાસંગ, પાંડિત્યાભિરુચિ, અન્વેષણબુદ્ધિ તથા ચિન્તનશીલ પ્રકૃતિ, તેમ સાહિત્યોપજીવી વૃત્તિ વગેરે લક્ષણોને કરમાવવાં, એ છોકરવાદભર્યું ચેષ્ટિતો બીજું શું છે ?

અને

સાહિત્યસર્જન લોકજીવન, લોકવ્યવહાર, લોકોપદેશને ઉદ્દેશીને જ રચાય છે; આ સહુ વાસ્તવિક નિમિત્ત છે. સાહિત્ય તેથી તો પોતાના જમાનાના લોકજીવનનું, લોકસંસ્કારનું પ્રતિબિંબ કહેવાય છે. એ જ તેનું પ્રેરક કાર્ય છે. સંસ્કારી-શિષ્ટ અને લૌકિક એ બે પ

સાહિત્યની છે. આ બન્ને પાંખો નિરંતર વેગવતી અને સહકારવતી રહે, એ જ સાહિત્યના ઉદય–ઉન્નતિ માટે અત્યંત જરૂરનું છે. આ બેમાં જે ભેદ છે, તે માત્ર તેને ઝીલનાર પાત્રના અધિકારનો, શિક્ષણ, સંસ્કારિતા અને સુજ્ઞતાની પ્રમાણુતાનો છે; કારણ સાહિત્યનું વાહન જે ભાષા તેમ વિચારસંભાર જે તેનો દેહ, રસ આદિ જે તેના પ્રાણસંચાર, અલંકાર આદિ જે તેના શણગાર, એ તે અનુસાર ઘડાય છે.

ગઈ પચ્ચીશીમાં હિન્દની અન્ય સમોવડી ભાષાઓનાં સાહિત્યને પડખે ગુજરાતી ભાષા પોતાનું સ્થાન લેઈ શકે તે માટે શિષ્ટ–સંસ્કારી સાહિત્ય નવનવી પ્રતિભા અને શાસ્ત્રવિદ્યાના અભ્યાસ તેમ અન્વેષણ અને ચિંતનથી સરજાવવાની, ઉપરાંત સંસ્કૃત અને ઇંગ્રેજી આદિનાં સાહિત્યોનાં ઉત્કૃષ્ટ અંગોના ગ્રંથો–નિબંધો–ને આધારે ભાષાંતર–સંદોહન આદિથી પણ સમૃદ્ધ કરવાની સર્વોપરી અગત્ય ઉપર વધુ ઝોક મુકાયો હતો. છતાં તેથી મધ્યકાળના જૂના, લોકજીવન, લોક–ઊર્મિ, લોકભાવના અને લોકધર્મવૃત્તિનાં હુબહુ પ્રતિબિંબ પાડનારાં, નરસિંહ, અખો, પ્રેમાનંદ, શામળ, ધીરો, ભોજો, દયારામ વગેરે કવિઓનાં આખ્યાન, વાર્તા–કથાઓનાં પ્રકાશનો, ઉપરાંત ધંધાર્થી, શ્રમજીવી જનતા જનસમૂહોના અંતરને ઉજાળનારાં, કર્તવ્યને સુઝાડનારાં રાસડા, સલોકા, પવાડા, સોરઠા, ગીતો આદિ કંઠસ્થ લોકગીતો, તેમ લોકવાર્તાઓના પ્રકાશનને કાંઈ ઓછી અગત્ય અપાઈ ન હતી; તેમ એવી નવકૃતિઓના સર્જનને પણ વિસારવામાં આવ્યું ન હતું. છેલ્લા દશકામાં સંખ્યાબંધ પ્રકાશનો સંસ્કારી જનોના આદરને પાત્ર નીવડ્યાં છે, એ તેની પ્રતીતિ છે.

હવે પ્રચંડ વેગવતી ગતિભેર લોકજીવન ચેતનથી, આત્મભાનથી તરવરી રહ્યું છે. લોકાત્મ પોતાની અજ્ઞાનતા, પામરતા તેમ વેદનાઓને બને તેટલાં વહેલાં દૂર કરવા, દેશને આત્મોદ્ધારથી ઉન્નત કરવાને હલમલી રહ્યો છે. આ સહુને લગતા સવાલો અને વિષયોની માહિતીઓથી વાકેફગાર થવાને તલસી રહ્યો છે. મુખ્યત્વે મ. ગાંધીજીની સ્વરાજસિદ્ધિની સત્વશાલી ઝુંબેશે આ સહુ અદ્ભુત પરિણામ નીપજાવ્યું છે, અને હજીયે તે હાલ જણાય છે તે કરતાં શેષ અદ્ભુત પ્રમાણમાં ખીલવાનું છે. આથી જનતાની નિરક્ષરતાને બને તેટલી બહોળા પ્રમાણમાં ઉરાડી દેવાની છે; અને તેની જીજ્ઞાસાને સંતોષવાની છે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવને અક્ષરજ્ઞાનની યોજના વિશાળ પ્રમાણમાં ઉપાડી લેઈ, શિક્ષણસાહિત્ય, બાળસાહિત્ય, અભિનવ વાર્તાસાહિત્ય વગેરે બહાર પાડવા માંડ્યાં છે, એ અત્યંત ઉપકારક અને આવકારલાયક પ્રવૃત્તિઓ છે. તેમ બીજી સંસ્થાઓએ પણ આમાં યથાશક્તિ પોતાનો હિસ્સો આપ્યો છે. માત્ર, આવી પ્રવૃત્તિઓમાં જે કેટલુંક અઠીક, નૈતિક બંધનોને સમાજક્રાન્તિને નામે શિથિલ કરવા જેવું તત્ત્વ, ઐતિહાસિક, પૌરાણિક વ્યક્તિઓના ઓઠે દાખલ કરવામાં આવે છે, તે વાંધાભર્યું છે, એમ મને કહ્યા વિના ચાલતું નથી. ઉપરાંત આવી અન્ય સંસ્થાઓ, તેમાં વિશેષે કરીને ‘નવજીવન’ અને “પ્રસ્થાન કાર્યાલયે” સાંપ્રત કાળના લોકજીવનને સ્પર્શતા અનેક સવાલો તથા વિષયોને આ સુગમ વાણીમાં નિરૂપનારી પુસ્તિકાઓ બહાર પાડી, જનતાની વિચારભૂખ ભાગવા માંડી (રસ)સાહિત્યરૂચિ ઉત્કટ કરવા માંડી છે, એ ખાસ પ્રશંસાને પાત્ર છે. સાક્ષરવર્ગે પણ આમાં ઉચિત પોતાનું કર્તવ્ય સમજી, યોગ્ય હિસ્સો આપ્યા વિના ચાલે તેમ નથી જ. તેમણે પણ સમુચિત સુરૂચિવાળું, જનતા જીરવી પોતાનું કરી શકે એવું, રસાળું, સંસ્કારી સાહિત્ય પૂરું પાડી, પોતાની ઉપર બેદરકારીનો આવતો આક્ષેપ દૂર કરવો ઘટે છે.

છેલ્લા દશકામાં સ્વરાજ્યની સફળ અને સબળ ચળવળે જનતાનાં સ્વાભિમાન, દેશાભિમાન, પરાશ્રયી તેમ વિષાદ અને વેદનાભર્યા જીવનની અધમતા, ઉત્થાનની ઉર્મિ, એ સહુને ઉત્તેજતાં કાવ્યો, રાસો, પ્રભાતફેરી, વાનરસેના, માંજરસેના–નાં ગીતો મુખ્યત્વે નવજુવાન કવિઓએ ખડકલા બંધ રચી, સંગ્રહી, લોકચેતનને ઉર્જસ્વી રાખવામાં ખરો રંગ રા[illegible] છે. તે માટે વિશેષે કરીને શ્રી. મેઘાણી અને શ્રી. કેશવ હ. શેઠ વગેરે સંખ્યાબંધ કવિબંધુ[illegible]ને મારાં અભિનન્દન છે. જનતાના તો આશિર્વાદ તેમણે મેળવેલા છે, એટલે તેમની તરફથી મારે એમને કાંઇ કહેવું પડે એમ નથી. તેમ મ. ગાંધીજીની 'નવજીવન' સંસ્થા તો અપૂર્વ સાહિત્યકાર્ય સમયોચિત તેમ જ સ્થાયી કરી રહી છે; તેની આ દિશાની લોકસેવાઓ ખચિત [illegible] કલ્યાણકારી છે. સાહિત્યપરિષદના સંચાલકોએ લૌકિક સાહિત્યનો આ ઉદ્‌ભવ, આવી ઉપયોગી, લોકસેવાભાવી સંસ્થાઓ સાથે સમન્વય સાધીને વેગવતો ચિરંજીવ રહે તેવા પ્રબંધોને પીઠબળ દેવું–દેવરાવવું જોઇએ છે. હજી ઘણુંએક આ દિશામાં કરવાનું છે, તે આવી સંસ્થાઓના કાર્યકરો સાથે મળીને કરવાની તેની ફરજ વિશેષે કરીને છે.

આ તો લોકજીવનને ઘણા જરૂરના લૌકિક સાહિત્યની વાત થઇ. હવે હું પરિષદે ઉપાડે સંસ્કારી શિષ્ટ–સાહિત્યનાં ચોક્કસ અંગોના સંવર્ધન, સંશોધન અને સંગોપનના કાર્યને આગ ધપાવવા માટે બે સૂચના કરૂં છું. હું કારણસર તેની વિગતોમાં અહીં ઉતરી શકતો નથી. માત્ર એક સૂચનો કરી વિરમવાનો છું. નાગરીપ્રચારિણી સભા, મહારાષ્ટ્ર ઐતિહાસિક સંશોધનમંડળ, બંગલા સાહિત્યપરિષદ્ વગેરે સંસ્થાઓ વિદ્વાનો અને વિદ્યારસિકોને તેમના જ્ઞાનવિકાસ તેમ જ્ઞાનશુદ્ધિમાં પ્રેરક તથા ઉપયોગી થઇ પડે એવા જે કેટલાક પ્રબંધ યોજી રહી છે તેવા પ્રબંધો આપણી પરિષદે વગર વખત વીતાવ્યે પોતાની પાસે સાધન ન હોય, નથી, તો ઉદાર શ્રીમંતે અને રાજાઓ પાસે તેમ જ કેટલીક સમર્થ સાધનસંપન્ન ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, શ્રીફાર્બસ ગુજરાતી સભા, 'સયાજી ભાષાન્તર ખાતું,' 'જૈન આત્માનંદ,' સભા, જૈન કોન્ફરન્સ 'નવજીવન સંઘ' એ સહુ સંસ્થાઓ સાથે પરસ્પર સહકાર સધાવીને કરાવવા જોઇએ છે. એક મોટો, બે લાખ શબ્દોનો ગંજાવર કોશ ગોંડળ રાજ્ય કરાવે છે, એ બેશક આપણાં અભિનન્દનને પાત્ર છે. આવી જ ગુજરાતને જ્ઞાનકોષની, પરિભાષા આદિના વિશિષ્ટ માહિતીકોષોની પણ તાકીદની જરૂરીયાત છે.

ઉપરાંત આ સહુ કાર્ય સુંદર રીતે થઇ શકે તે માટે ગુજરાતમાં એક સમૃદ્ધ મુખ્ય સ્થાનકની પણ તેથીએ વિશેષ જરૂરીઆત છે. એવું સ્થાનક હોય તો તેમાં વખતો વખત ગુજરાતના તેમ ઇતર પ્રદેશોના વિદ્વાનો, વિદ્યારસિકો, સંશોધકો સાથે મળે, પરસ્પરના વિચારો, સંશોધનો અને નવસર્જનો સંબંધમાં આપલે કરી શકે, એટલું જ નહીં પણ તેઓ પોતાનાં તેમ અન્યનાં જ્ઞાન અને બુદ્ધિફળો શુદ્ધ, વિશદ તેમ સમૃદ્ધ કરી શકે. આવા સ્થાનકમાં પાશ્ચાત્ય તેમ જ પૌરસ્ત્ય ભાષા, વિજ્ઞાન, ઇતિહાસ, સાહિત્ય, કલા, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, ધર્મવિદ્યા, રાજવિદ્યા વગેરેના અપ્રાપ્ય–પ્રાપ્ય ગ્રન્થો, વિવિધ જાતિ–ભાતિના જ્ઞાનકોષો, લેખસંગ્રહો, આકર ગ્રન્થો, 'જર્નલો,' 'રીસર્ચ'ના નિબંધો અને એવું એવું અન્ય સહુ સંગ્રહાય અને એમ કરીને તેને યથાશક્તિ પ્રાચીન, તેમ અદ્યતન વિદ્યાસમૃદ્ધિઓ મેળવવાનું કેન્દ્ર બનાવાય. એક સૌથી પહેલી તાકીદની અગત્ય છે. મ. ગાંધીજીનું વિદ્યાપીઠ કંઇક એવું સ્વરૂપ લેશે; તેણે "પુરાતત્ત્વ"ની કરેલી ગોઠવણ તેમ જ 'સાર્થ જોડણી કોશ', પ્રાકૃત ભાષાનું વ્યાકરણ

કેટલાક પ્રકટ કરેલા મહત્વના ગ્રન્થો ઉપરથી તે આવી ખોટ પૂરવામાં કામ લાગશે, એવી આશા રહેતી હતી. હજીયે સાંપ્રત વાતાવરણ શાન્ત પડતાં પરિષદ્ આ, તેમ ગુજરાતની ઉપર કહી એ સંસ્થાઓનો તેમ જ, શ્રીમંતો અને રાજાઓનો સહકાર મેળવી કંઇક કરવા ધારે તો તેમ કરી શકે ખરી.

આ ઉપરાંત ગુજરાતની સાહિત્યવર્ધક સંસ્થાઓનાં ભાવિ સાહિત્યકાર્યો વિશેષ યથાયોગ્ય, વ્યવસ્થિત ઇષ્ટ રીતિએ ચાલે, ગુજરાતને અત્યંત જરૂરી એવું વિવિધ અંગોનું સત્વવતું, સાહિત્ય એકધારૂં આગળ વધે, તે માટે તેમનો સહકાર-સમન્વય સાધવા માટે સબળ મથન થવું જોઇએ છે. આવો વિચાર અગાઉ પરિષદે કર્યો નથી એમ મારૂં કહેવું નથી, પણ તે માટે જોઇએ તેવું પૂરતું વજનદાર મથન થયું નથી, એમ તો સશોક કહેવું પડે છે.

ગુજરાતમાં કીડીયારા પેરે, મ. ગાંધીજીએ અમદાવાદપરિષદ્માં સાક્ષરોને પ્રબોધતાં કહ્યું હતું તેવું, ઉભરાતું 'ગંદીલું' 'હલકું' નિર્માલ્ય સાહિત્ય ડામવાનો અને જનતામાં સારી સાહિત્ય-રૂચિ, વિદ્યાપ્રેમ જગવવાનો આ સુંદર અને ઇષ્ટ માર્ગ છે.

આજ સુધીની પરિષદોમાં સાહિત્યપરિષદે શું શું કરવા જેવું છે તે વિષે પૂરતાં પુષ્કળ રનો સમર્થ, પ્રતિભાશાલી વિદ્વાનો અને વિચારકોએ કરેલાં છે, એટલે હું આટલેથી વિરમું છું.

અંતમાં હું એટલું જ ઇચ્છું છું કે હવે પરિષદ્ વિખવાદ, ઝઘડાઝઘડી, અને સત્તાધિકારના મોહથી છૂટી થાય, અને સહુએ સાહિત્યસેવીઓના સુંદર સહકાર-સહચાર સાધી, ઇષ્ટ પ્રગતિ કરે, અને આપ સહુ એમાં ભાગ્યશાળી ભાગીદાર થાઓ.

सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः सुशान्तिर्भवतु ॥ हरिः ॐ ।